## **–:: આંક–૪ લગત હુકમ ::–**

૧. અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. એપેલન્ટ તથા સામાવાળાના વિ. વકીલશ્રીને સાંભળ્યા. હાલની અરજી એપેલન્ટ/આરોપીને મોરબીના વિધ્વાન એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કેસ નં.૮૨૦૯/૨૦૨૩ ના કામે તકસીરવાન ઠરાવી સજા અને દંડ બાબતે જે હુકમ કરેલ છે તેને સ્થગીત કરવા આપેલ છે. ટ્રાયલ કોર્ટે આરોપીને ફોજદારી કાર્યવાહી સહીંતાની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગો શીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૪(૨) મુજબ વિવાદીત ચેકની બાકી નીકળતી રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/– ની ડબલ રકમ રૂા.૨૦,૦૦, ૦૦૦/– વળતર પેટે ફરીયાદીને આપવા અને આરોપી વળતરની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૯૦ (નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તેમજ ચેકની રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/– ઉપર વાર્ષીક ૯ % ના વ્યાજ તા.૨૪/૧૧/૨૦૨૩ થી ફરીયાદીને ખરેખર રકમ ચુકવે ત્યાં સુધી થતી કુલ વ્યાજની રકમ ફરીયાદીને ચુકવી આપવા તેઓ હુકમ ફરમાવવામાં આવેલ છે.

૨. એપેલન્ટના વિ. વ. શ્રી વી.જે.લકકડની દલીલ છે કે, અપીલ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય અને તેઓની અપીલ મંજુર થાય તેવી પુરી શક્યતા હોય જેથી અપીલના આખરી નિકાલ સુધી ટ્રાયલ કોર્ટના હુકમને સ્ટે કરવા અને તેઓને જામીન મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ઉપર પરીવારની જવાબદારી છે તેમજ સ્થાનીક રહેવાસી છે જેથી અરજદાર/આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી તેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી છે.

૩. સામાવાળા/મુળ ફરીયાદીને નોટીસ ઇસ્યુ કરતાં તેઓ તરફે વિ.વ.શ્રી કે.એ.પ્રજાપતિ ધ્વારા વકીલાતનામું રજુ કરવા અંગે અન્ડર ટેકીંગ રજુ કરેલ છે અને તેઓ દ્વારા હાલની અરજી મંજુર કરવામાં આવે તો વાંધો હોવાનું જાહેર કરેલ છે.

૪. હાલના કામનું રેકર્ડ જોઈએ તો એ હકીકત ફલીત થાય છે કે, એપેલન્ટ/ આરોપીને વિદ્વાન નીચેની કોર્ટે ફોજદારી કાર્યવાહી સહીંતાની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૯૪(૨) મુજબ વિવાદીત ચેકની બાકી નીકળતી રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/- ની ડબલ રકમ રૂા.૨૦,૦૦,૦૦૦/- વળતર પેટે ફરીયાદીને આપવા અને આરોપી વળતરની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૯૦ (નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તેમજ ચેકની રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/- ઉપર વાર્ષીક ૯ % ના વ્યાજ તા.૨૪/૧૧/૨૦૨૩ થી ફરીયાદીને ખરેખર રકમ ચુકવે ત્યાં સુધી થતી કુલ વ્યાજની રકમ ફરીયાદીને ચુકવી આપવા તેઓ હુકમ ફરમાવવામાં આવેલ છે. એપેલન્ટે મુળ ચેકની રકમ ના વીસ ટકા રકમ અત્રેની કોર્ટમાં જમાં કરાવી દીધેલ છે.આ અદાલતના મત મુજબ આ અપીલ હજુ નવી દાખલ થયેલ છે અને બન્ને પક્ષે દલીલ સાંભળ્યા બાદ દલીલનો આખરી નિર્ણય કરવાનો રહે છે તેથી હાલ પુરતા આરોપી ને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા જરૂરી છે. આથી આ કામે ન્યાયના હીતમા નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

૧. મોરબીના વિદ્વાન એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કેસ નં. ૮૨૦૯/૨૦૨૩ ના કામે એપેલન્ટ/આરોપીને

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તા. ૦૯–૦૧–૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આ અપીલનો આખરી નિર્ણય થતા સુધી સ્થગીત કરવામાં આવે છે અને એપેલન્ટ/આરોપીને રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા કરી આપ્યેથી નીચેની શરતોને આધીન હાલની અરજી મંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

શરતો:–

૧. અપીલની સુનાવણી દરમ્યાન એપેલન્ટ/આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેવું.

૨. અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી વગર એપેલન્ટ/આરોપીએ ભારત દેશની હદ છોડવી નહીં.

૩. રીસ્પોન્ડન્ટ/ફરીયાદી પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ આપવી નહીં. એપેલન્ટસ/આરોપીએ અપીલ સમયના જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

૪. અરજદાર/આરોપી શરતોનું પાલન કરવામાં ચુક કરે તો તેઓને આપવામાં આવેલ આ જામીન આપોઆપ રદ ગણવાના રહેશે.

- એપેલન્ટ/આરોપીએ અપીલ સમયના જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.
- હુકમની યાદી જામીન સ્વીકાર્યેથી વિ. ટ્રાયલ કોર્ટને પાઠવવી.
- આ હુકમની ખરી નકલ ટ્રાયલ કોર્ટને મોકલવી.

આ હુકમ આજરોજ તારીખ : ૦૩ જી, માહે : ફેબ્રુઆરી, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– મોરબી
તા.૦૩/૦૨/૨૦૨૬
//JJS//

**(પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ)**
સત્ર ન્યાયાધીશ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૩૭૨)